# શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ :
# વર્ષ - ૨૦૧૦-૨૦૧૧ પ્રવૃત્તિ અહેવાલ

### શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ :
### ૧ એપ્રિલ ૨૦૦૯ થી ૩૧ માર્ચ ૨૦૧૧
### કારોબારી સમિતિ

| હોદ્દો | નામ | ગામ |
|---|---|---|
| પ્રમુખ | ડૉ. રમેશ રતનશી દેઢીયા | નાની ખાખર |
| IPP | શ્રી લક્ષ્મીચંદ કાકુભાઈ જૈન | ગુંદાલા |
| ઉપ-પ્રમુખ | ડૉ. ઈલા મનોજ દેઢીયા | ગુંદાલા |
| સેક્રેટરી | શ્રી મનિષ દામજી ગાલા | વડાલા |
| | શ્રી વલ્લભજી કેશવજી વોરા | નારાણપુર |
| | શ્રી લક્ષ્મીચંદ કુંવરજી કેનિયા | બારોઈ |
| ખજાનચી | ડૉ. મંજુલા વેલજી શાહ | શેરડી |
| સભ્યો | શ્રી અશ્વીન માવજી ગાલા | લાખાપુર |
| | શ્રી ચિમન ભવાનજી સંગોઈ | ગુંદાલા |
| | શ્રી હિતેન્દ્ર ટોકરશી વીરા | મેરાવા |
| | શ્રી નિલેશ શ્યામ શાહ | મેરાવા |
| | શ્રી ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન | કોડાય |
| | શ્રીમતી રેખા નવિન ગડા | ભોજાય |
| | શ્રી શૈલેશ નાગજી મામણીયા | પુનડી |
| | શ્રી જીતેન નેમચંદ દેઢિયા | બાડા |
| | શ્રી જીતેન્દ્ર હરખચંદ પાસડ | ભોજાય |
| | શ્રી રવિન્દ્ર ચાંપશી જૈન | નારાણપુર |
| | શ્રી નાગજી જેઠાભાઈ ગોસર | વિંઢ |
| | શ્રી ધીરજ શામજી ધરોડ | પત્રી |
| | શ્રીમતી સંગીતા રાજેશ ગાલા | સાડાઉ |
| | શ્રી હેમલ હિરજી પાસડ | કોટડા-રોહા |

### વરિષ્ઠ સમિતિ

| | |
|---|---|
| ડૉ. ઉદય ખીયશી ગડા | મંજલ રેલડીયા |
| શ્રી વશનજી હરશી ગાલા | ડુમરા |
| શ્રી અશ્વિન પોપટલાલ માલદે | ભુજપુર |
| શ્રી શાંતિલાલ કુંવરજી રાંભીયા | સમાઘોઘા |

સમાજમાં વૈચારિક જાગૃતિની મશાલ પ્રજ્જવલિત રાખી દરેક જ્ઞાતિજનને ઉન્નત મસ્તકે જીવવા સતત પ્રેરતી, નિષ્ઠાવાન કાર્યકરો, સખીદિલ દાતાઓ અને સહૃદયી હિતેચ્છુઓના સહકારથી સદાયે પ્રવૃત્ત જ્ઞાતિજનોની એક અનોખી સંસ્થા છે **કચ્છી વિસા ઓસવાળ સેવા સમાજ.**

**સંજીવની સ્વાસ્થ્ય યોજના :–**

સેવા સમાજની તબીબી વીમા યોજના ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫મા વર્ષમાં સફળતાપૂર્વક પ્રવેશી છે. તેનાં ૩૨,૬૮૮ સભ્યો જોડાઈ રૂા.૧૦,૪૫,૩૫,૯૮૦નું પ્રીમિયમ ઓરીએન્ટલ કું.ને આપવામાં આવેલ. વિવિધ સ્થળોએ રાખવામાં આવેલ કલેક્શન સેન્ટરો, સ્થાનિક સંસ્થાઓ, ગામનાં / લત્તાવાર મંડળો તથા ઉદારદિલ દાતાઓના કારણે સમાજમાં મેડિક્લેમ વીમો લેવામાં ખૂબ જ જાગ્રતિ આવેલ છે, આ યોજના એક અદ્યતન હૉસ્પિટલની ગરજ સારે છે, એમ કહી શકાય અને સમાજની વ્યક્તિઓને માંદગી સામે આર્થિક કવચ સહેલાઈથી ઉપલબ્ધ થાય છે.

**બુકબેન્ક :–**

શિક્ષણ મોંઘું છે. છતાં અનિવાર્ય છે. "સમાજનાં બાળકો કોઈપણ જાતના આર્થિક બોજ વગર પુસ્તકો મેળવી શકે એવા ઉમદા હેતુથી બાવન વર્ષોથી બુકબેન્કની પ્રવૃત્તિ સેવા સમાજ દ્વારા ચલાવાય છે. ધોરણ ૧૧ થી કૉમર્સ, સાયન્સ, આર્ટસ, એન્જિનિયરીંગ એમ દરેક બ્રાંચના અને સ્નાતક અને અનુસ્નાતક સુધીનાં પુસ્તકો સેવા સમાજનાં મુખ્ય કાર્યાલયથી વિસ્તારિત થાય છે. વર્ષ દરમિયાન ૭,૬૨૩ વિદ્યાર્થીઓએ સેવા સમાજમાંથી પુસ્તકો લીધાં હતાં. આ પ્રવૃત્તિ મેથી કરી સપ્ટેમ્બર સુધી ચાલેલ. તે ઉપરાંત દર મહિનાના બીજા રવિવારે રેફરન્સ લાઈબ્રેરી શરૂ કરાયેલી. દર બુધવારે સેવા સમાજ કાર્યાલયે મેડિકલની વિવિધ બ્રાંચોનાં, પુસ્તકો અપાય છે. લગભગ યુવક-યુવતીઓ સવારનાં ૮-૩૦ થી બપોરનાં ૩-૦૦ વાગ્યા સુધી હાજર રહી પોતાની સેવા અર્પણ કરી રહ્યાં છે.

**'પ્રગતી' કોમ્પ્યુટર યોજના લોન :–**

આ યોજના અંર્તગત કૉલેજમાં ભણતા ૧૨ વિદ્યાર્થીઓને રૂા. ૩,૨૪,૦૦૦/- રકમના કોમ્પ્યુટર અપાયેલ.

**શૈક્ષણિક લોન :–**

ઉચ્ચ શિક્ષણ દિવસે દિવસે મોંઘું થતું જાય છે અને ખર્ચાઓ સામાન્ય માણસના ગજાની બહાર વધી રહ્યા છે. કૉલેજ અભ્યાસના વધુ પડતા ખર્ચને ધ્યાનમાં રાખી સેવા સમાજે શૈક્ષણિક લોન યોજના શરૂ કરી છે. આ વર્ષે ૩૮૫ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા.૭૯,૪૮,૦૦૦/-ની લોન ફાળવવામાં આવી. મેડિકલ, એન્જિનિયરિંગ જેવા ખર્ચાળ અભ્યાસક્રમો માટે વધુ રકમની લોન આપવામાં આવી હતી. ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જનારા ૧૯ વિદ્યાર્થી ઓને રૂા.૨૨,૦૦,૦૦૦/-ની લોન આપવામાં આવી. અમેરિકા જતા વિદ્યાર્થીઓ માટે વિદેશમાં જ લોન વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે.

**સ્ત્રીઉત્કર્ષ યોજના :–**

આજની અતિ મોંઘવારીના જમાનામાં સ્ત્રીઓ પણ પોતાના કુટુંબની આવકમાં ફાળો આપે એ ખૂબ જ જરૂરી બન્યું છે અને આ રીતે જો સ્ત્રી સ્વાવલંબી બની શકે તો તેની અબળા તરીકેની છાપ ભૂંસાઈ જાય અને જીવનમાં પ્રત્યેક ક્ષેત્રે સન્માન અને વિશ્વાસપૂર્વક ભાગ ભજવી શકે. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી સમાજની બહેનોને પોતાનો હુન્નર લઘુ ઉદ્યોગ, ધંધો ઘેર બેઠાં ચાલુ કરવા માટે રૂા.૧,૦૦,૦૦૦/- સુધી વગર વ્યાજે લોન આપવામાં આવે છે, જે સરળ નાના માસિક હપ્તાથી પાછી કરવાની રહે છે. વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન ૮૪ બહેનોને રૂા.૩૨,૭૦,૦૦૦/-ની રકમનું વિતરણ કરવામાં આવ્યું. લાભાર્થી બહેનો દ્વારા પરત ચુકવણી સમયસર થાય છે, જે આ યોજનાને વધુ વિકસાવવા પ્રેરણા આપે છે.

**રહેઠાણ યોજના :–**

જરૂરિયાતમંદ ભાઈઓને ઈચ્છુક સ્થળોએ રહેઠાણ મેળવવા સહાયરૂપ થવા સેવા સમાજે રહેઠાણ લોન યોજના ઘડી છે. વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન ૨૦ જણને રૂા.૨૫,૨૫,૦૦૦/- ની વગર વ્યાજની લોન આ યોજના અંતર્ગત અપાઈ. આ લોન સરળ માસિક હપ્તાથી પાછી કરવાની હોય છે. ૧૯૯૨-૯૩ માં શરૂ કરવામાં આવેલ આ યોજના અત્યાર સુધીમાં ૬૨૯ જણને પોતાનું ઘર વસાવવામાં સહાયરૂપ થયેલ છે.

**કચ્છી જૈન ફાઉન્ડેશન :–**

આવાસ યોજના અંર્તગત સેવા સમાજે ડોંબીવલી (વે.) લારકીન્સ નગર, નાલાસોપારા હેમનગર, અમરસન્સ નગર યોજના માટે વર્ષ દરમિયાન કુલ ૭૧ વ્યક્તિઓને રૂા.૭૦,૧૦,૦૦૦/- ની લોન તરીકે અપાયેલ.

**કૉમ્પ્યુટર લોન :–**

ટેકનોલોજીને વ્યવસાયમાં વાપરી અર્થઉપાર્જન કરવા સેવા સમાજ દ્વારા સરળ હપ્તાથી વગર વ્યાજે કોમ્પ્યુટર સમાજની વ્યક્તિઓને આપવામાં આવેલ. આ વર્ષે ૧૫ કોમ્પ્યુટર રૂા. ૩,૪૩,૦૦૦/-ના આપવામાં આવેલ છે.

**વૈદકીય રાહત યોજના :-**

હોસ્પિટલ સિવાય લાંબો સમય સારવાર લેતા અત્યંત જરૂરતમંદ દર્દી માટે સહાય આપતી સમાજની ખાસ જરૂરિયાત સમી આ યોજનાનો વર્ષ દરમિયાન ખૂબ જ સારો લાભ લેવાયો હતો. વર્ષ દરમિયાન ગામોના ૧૮૯ દરદીઓને રૂા.૨૪,૭૨,૯૪૦/- રાહતરૂપે આપવામાં આવ્યા. આજે જ્યારે કિડની, ડાયાબિટીસ, કેન્સર, હૃદય રોગ જેવા ખર્ચાળ રોગો વધી રહ્યા છે. ત્યારે સેવા સમાજની આ યોજના તેમને રાહત પૂરી પાડે છે. રાહતની વિગતો સંપૂર્ણ ગુપ્ત રાખવામાં આવે છે. અરજીની ચકાસણી બાદ બનતી ત્વરાએ રકમ ફાળવવામાં આવે છે. પૈસાના અભાવે સમાજની કોઈપણ વ્યક્તિ તબીબી સારવાર વિના ન રહે એમ સેવા સમાજ ઈચ્છે છે.

**''નવનીત કપ'' કચ્છી ક્રિકેટ ટુર્નામેન્ટ :-**

છેલ્લા ૨૬ વર્ષથી નિયમિતપણે યોજાતી આ મેચ દરવર્ષે ગામ અને જનરલ ગ્રુપ એમ બે વિભાગોમાં યોજાય છે. આ વર્ષે અન્ડર ૧૫ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ.

ગામ ગ્રુપમાં કુલ ૩૧ ટીમોએ ભાગ લીધેલ. જેની ફાઈનલ મેચ તા. ૭ જાન્યુ. ૨૦૧૧ના રોજ એમ.આય.જી. ગ્રાઉન્ડ, બાંદરા ખાતે યોજાઈ જેમાં નાગલપુર સામે ભુજપુર ટીમ વિજયી રહેલ.

જનરલ ગ્રુપમાં કુલ ૩૩ ટીમોએ ભાગ લીધેલ જેની ફાઈનલ મેચ તા. ૧ ફેબ્રુઆરી ૧૧ના રોજ એમ.આય.જી. ગ્રાઉન્ડપર યોજાઈ જેમાં વાગડ સી.વી. સામે શક્તિ સી.સી. વિજયી રહેલ.

અન્ડર ૧૫માં ત્રણ ટીમો બનાવવામાં આવેલ. ક.વિ.ઓ. બ્લ્યુ, ક.વિ.ઓ. રેડ અને ક.વિ.ઓ. યલ્લો, જેમાં ક.વિ.ઓ રેડ વિજયી રહેલ. જનરલ ગ્રુપની મેચ બાદ નવનીત પરિવાર જનોના વરદ્‌હસ્તે ઈનામ વિતરીત કરાવેલ.

**'ગાલા સ્પ્રીંગ્સ્ કપ' વોલીબોલ ટુર્નામેન્ટ :**

આ ટુર્નામેન્ટ છેલ્લા ૧૭ વર્ષથી યોજાય છે. જેમાં છેલ્લા ૭ વર્ષથી ત્રણ ગ્રુપમાં યોજાય છે. ગામ અને જનરલ (ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ) આ વર્ષે આ ટુર્નામેન્ટ તા. ૧૨ અને ૧૯ ડિસેમ્બરના રોજ યોજાઈ. જેમા ગામ ગ્રુપમાં કુલ ૧૯ ટીમોએ ભાગ લીધેલ. જેમાં નાના ભાડિયા સામે તલવાણા વિજયી રહેલ. જનરલ ડાયરેક્ટમાં કુલ ૧૬ ટીમોએ ભાગ લીધેલ જેમાં ઓલસ્ટાર્સ બી સામે સર્વોદય કેન્દ્ર ડી નો વિજયી રહેલ. સર્વ ટીમોના રેફરી શ્રી અશોક માપુસકર રહેલ. વિજેતા ટીમોને મેચ બાદ સ્પર્ધાના પ્રાયોજક શ્રી વિસનજીભાઈ અને તારામતીબેન વસનજી હરશી ગાલા (ડુમરા)ના વરદહસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ. આ બધી ટુર્નામેન્ટનું આયોજન શ્રી હી.ભો. એન્ડ સન્સ્ ક.વિ. ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)ના પટાંગણમાં કરવામાં આવેલ.

**રમતગમત :**

**સ્વસ્થ અને સમૃદ્ધ સમાજ બનાવવા અને સમાજનાં લોકો મૈદાનીક રમતોમાં ભાગ લે તે માટે સેવા સમાજ દ્વારા ૧૯૭૨થી રમતગમત સ્પર્ધાનું આયોજન કરાય છે. આ વર્ષે તા. ૧૯ જુલાઈ ૨૦૧૦ના રોજ ચેસ હરીફાઈ અને તા. ૨૫ જુલાઈ ૨૦૧૦ના રોજ કેરમ હરીફાઈનું આયોજન શ્રી હી. ભો. એન્ડ સન્સ ક.વિ.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)ના તેજુલીલા હોલ મધે કરવામાં આવેલ અને તા. ૫ ડિસે. ૨૦૧૦ના રોજ બેડમિન્ટન અને ટેબલટેનીસ સ્પર્ધાનું આયોજન કાલીદાસ સ્પોર્ટ્સ ક્લબ મુલુંડ (વે.) ખાતે યોજાયેલ.**

**ફુટબોલ ટુર્નામેન્ટ :**

આ વર્ષે નવા પ્રયાસ રૂપે આપણા સમાજમાં આ ટુર્નામેન્ટનું આયોજન કરવાની તક ઝડપી લેવામાં આવી પ્રથમ પ્રત્રિકાની જાх

**વક્તૃત્વ સ્પર્ધા :**

છેલ્લાં ૨૪ વર્ષોથી માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા ચેરિટેબલ ટ્રસ્ટ (ડુમરા) પ્રાયોજિત આ સ્પર્ધાનું, વિકેન્દ્રકરણ બાદ સ્થાનિક મંડળોના સહયોગથી આ વર્ષે સેવા સમાજ ઉપરાંત ગોરેગામ, જોગેશ્વરી, મુલુન્ડ વિગેરે વિસ્તારો ઉપરાંત બહારગામ અમદાવાદ તથા સાંગલીમાં પણ આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધામાં વિવિધ ૪ ગ્રુપો રાખવામાં આવ્યાં હતાં. ફાઈનલ સ્પર્ધા તા. ૯ જાન્યુઆરી, ૨૦૧૧ ના રોજ માટુંગા બોર્ડિંગ મધ્યે યોજવામાં આવી. પ્રાથમિક રાઉન્ડમાં કુલ ૧૬૪ સ્પધર્કોએ ભાગ લીધેલ. ફાઈનલમાં ૩૩ સ્પર્ધકોએ ભાગ લીધેલ.

**સમૂહલગ્નો :–**

સમાજનો નાનો વર્ગ સ્વમાનભેર પોતાના લગ્નો ઊજવી શકે અને સાદાઈથી આર્થિક વ્યયમાં બચત થ ાય એવા ઉમદા ઉદ્દેશથી સેવા સમાજ દ્વારા સમૂહલગ્નો આયોજિત કરાય છે. પૂ. વેલજી લખમશી નપુ પરિવારની સહાયથી નપુ હોલ અને માતુશ્રી વેલબાઈ સભાગૃહ માટુંગામાં, તેમજ કુર્લા ક.વિ.ઓ. જૈન મહાજનવાડી અને ચીંચબંદર મહાજનવાડી ખાતે આ લગ્નો યોજવામાં આવે છે. જ્ઞાતિજનો આ યોજનામાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લે છે. આ  વર્ષે ૩૪ યુગલો લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. તે ઉપરાંત દાતાઓ દ્વારા ઉદાર અનુદાનરૂપ ભેટ પણ યગુલોને આપવામાં આવેલ. આ વર્ષના સંપૂર્ણ સમૂહલગ્નનાં સૌજન્ય દાતા મેગ્નમ ઈકિવિટીના ડારયેક્ટરો હતા.

**પગદંડી :–**

સેવા સમાજનું મુખપત્ર ''પગદંડી''નું પ્રકાશન નિયમિત રીતે થતું રહ્યું છે. પગદંડીનું ઓફસેટ પ્રિન્ટિંગ કરાવી આકર્ષક બનાવાયું છે. પગદંડીના પ્રકાશનનો મુખ્ય ઉદ્દેશ સામાજિક જાગૃતિ અને ચેતના આણવાનો છે. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી પગદંડીમાં નવા નવા વિષયો રજૂ કરવામાં આવે છે. સમાજના ઉચ્ચ શિક્ષણમાં ઉચ્ચ કક્ષા મેળવતા વિદ્યાર્થીઓની સચિત્ર માહિતી આપવામાં આવે છે. વધુ ને વધુ ભાઈઓ આજીવન સભ્યો બની રહ્યા છે. વર્ષ દરમિયાન  ઘણા નવા આજીવન ગ્રાહકો નોંધાયા. છતાં આ નિષ્પક્ષ માસિકનો ફેલાવો હજુ ઓછો છે. અમારું ધ્યેય છે કે પગદંડી પ્રત્યેક ઘર સુધી પહોંચે. સમાજના આ ઉત્કૃષ્ટ પ્રકાશનનો એક વધારાનો ગ્રાહક બનાવવાની અમે સંસ્થ ાના દરેક સભ્યને વિનંતી કરીએ છીએ.

**કોમ્પ્યુટર પરબ :–**

જ્ઞાતિજનોની જ્ઞાન ભૂખ કૉમ્પ્યુટર પરબ દ્વારા ત્યાં રખાયેલ ઈન્ટરનેટની મદદથી પૂરી કરવા સમગ્ર મુંબઈમાં કાર્યાલય ઉપરાંત (૧) શ્રી ક.વિ.ઓ. ડોંબિવલી સેવા સમાજ, (૨) શ્રી મુલુંડ ક.વિ.ઓ. સમાજ, (૩) શ્રી કુર્લા ક.વિ. ઓ. મહાજનવાડી, (૪) શ્રી અંધેરી ક.વિ.ઓ. સેવા સમાજ, (૫) શ્રી મલાડ કચ્છી જૈન યુવક સમાજ (૬) શ્રી બોરિવલી ક.વિ.ઓ. જૈન મહાજન, (૭) શીવરી જૈન સંઘ. ઉપરોક્ત ૭ સેંટરો પર સેવા સમાજ દ્વારા ઈન્ટરનેટ યુક્ત કોમ્પ્યુટર મૂકવામાં આવેલ છે. જ્યાંથી જ્ઞાન પિપાસુઓ વિનામૂલ્યે તે સંસ્થાને અનુકૂળ સમયે પોતાને જોઈતી માહિતી મેળવી શકે છે. તે માટે સંસ્થાઓએ આપેલ સહકાર પણ આભારણીય છે.

**ઓરકુટોત્સવ :–**

આજના યુવાનોને એકબીજા સાથે જોડી રાખવા અને કોમ્પ્યુટર પર ચાલતી વિવિધ સોશિયલ સાઈટ જેવી કે Facebook, Twitterની જેમ આપણી પોતીકી સાઈટ એટલે ઓરકુટની શરૂઆત કરવામાં આવેલ. જેનાં અત્યાર સુધી ૪૭૫૩ મેમ્બરો થયેલ છે. જેની ઉપર યુવાનો બેધડક પોતાનાં મંતવ્યો રજૂ કરે છે. અમૃતબેન મોનજી સભાગૃહ મહાજનવાડી, ચીંચબંદર અને ગેટ-ટુ-ગેધર પાર્ટીનું આયોજન કરવામાં આવેલ જેમાં ૨૧૪ યુવક યુવતીઓએ ભાગ લીધેલ.

**કેન્દ્રિય મધ્યસ્થી સમિતિ :–**

શ્રી ક. વી. ઓ. સેવા સમાજ, શ્રી ક. વી. ઓ. દેરાવાસી જૈન મહાજન અને શ્રી ક. વી. ઓ. દેરાવાસી જૈન મહાજન અને શ્રી ક. વી. ઓ. સ્થાનકવાસી જૈન મહાજન મળી લગ્ન તથા અણબનાવના ઉકેલ માટે કેન્દ્રીય મધ્યસ્થ સમિતીની સ્થાપના કરવામાં આવેલ છે. એના અંતર્ગત મિલ્કત અને આપસી કૌટુંબિક અણબનાવની સમસ્યાઓનો પણ ઉકેલ કરવામાં આવે છે. છૂટાછેડાની સમસ્યા ઉકેલવા માટે આ મધ્યસ્થ સમિતી ઘણી હદે સફળ થયેલ છે.

**શ્રી ક. વી. ઓ. સામાજીક ઉત્કર્ષ પ્રતિષ્ઠાન :–**

શ્રી ક. વી. ઓ. સેવા સમાજ, શ્રી ક. વી. ઓ જૈન સ્થાનકવાસી મહાજન અને શ્રી ક. વી. ઓ. દેરાવાસી જૈ મહાજન મળીને ઉત્કર્ષ પ્રતિષ્ઠાન સમિતિનું ગઠન કરવામાં આવેલ છે. જેના દ્વારા પોતાના ઈચ્છીત સ્થળે પોતાનું ઘર મેળવવા વગર વ્યાજે લોન આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન ૮૨ વ્યક્તિઓને કુલ રૂા. ૧,૭૪,૮૫,૦૦૦/-ની લોન નવું ઘર લેવા માટે આપવામાં આવેલ.

**ઈન્યુસ લેટર :–**

(Enl) લખવાની પ્રવૃત્તિ જ્યારે લુપ્ત થઈ રહી છે. ત્યારે સમાજનાં યુવાનો માટે પોતાના લખાણો અને મંતવ્યો કૉમ્પ્યુટરનાં માધ્યમથી રજૂ કરે તે માટે ઈન્યુસ લે લેટર શરૂ કરાયેલ છે. મેમ્બરોને દર મહિને અંક ઈમેઈલ દ્વારા મોકલવામાં આવે છે.

**શુભેચ્છક દાતા યોજના :–**

સેવા સમાજની વિવિધ પ્રવૃત્તિઓ માટે સતત ભંડોળની જરૂર રહે છે. વૈદકીય રાહત યોજના, રહેઠાણ યોજના, સ્ત્રીઉત્કર્ષ યોજના જેવી પ્રવૃત્તિઓ માટે સતત નાણાંની જરૂરિયાત રહે છે. સેવા સમાજની સમાજોપયોગી પ્રવૃત્તિમાં સહભાગી થવા સખીદિલ દાતાઓ માટે ''શુભેચ્છક દાતા''ની યોજના ઘડવામાં આવી છે. આ યોજના અંતર્ગતઃ દાતાઓએ દર વર્ષે રૂા.૧,૦૦૦/- અથવા એકસાથે રૂા.૧૧,૦૦૦/- આપવાના રહે છે અને એ દાતા એ દિવસનો 'શુભેચ્છક દાતા' કહેવાય છે. 'શુભેચ્છક દાતા' એ દિવસે યોજાનારી સર્વે પ્રવૃત્તિઓનો દાતા હોય છે. દાતાનું નામ એ દિવસે ક.વિ. ઓ. ખબર પત્રિકામાં તથા એ મહિનાની પગદંડીમાં (૧૫ વર્ષ સુધી) આપવામાં આવે છે. આપ આપના સ્નેહીજનના જન્મદિન, લગ્નદિન, શુભપ્રસંગે અથવા વડીલોના સ્મરણાર્થે આ યોજનામાં અનુદાન આપી શુભેચ્છા વ્યક્ત કરી શકો છો. સર્વે જ્ઞાતિજનોને આ યોજનામાં સહભાગી બનવા વિનંતિ છે.

**અશ્વાસન પત્ર :–**

સમય અને સંજોગોને આધિન-પ્રાર્થના સભામાં પહોંચી શકાતું નથી. ત્યારે સ્વર્ગસ્થના સંબંધીઓને આશ્વાસન આપવા આશ્વાસન પત્ર અપનાવવાના પ્રચાર સ્વરૂપે છાપેલ આશ્વાસન પત્ર કાર્યાલયે ઉપલબ્ધ કરવામાં આવે છે.

# ૨૦૦૯ થી ૩૧ માર્ચ ૨૦૧૧ની

# વિવિધ સમિતિઓ

## બુકબૅંક સમિતિ

| હોદ્દો | નામ | ગામ |
|---|---|---|
| કન્વીનર | શ્રી હિતેન્દ્ર ટોકરશી વીરા | મેરાઉ |
| સભ્ય | શ્રી જીતેન નેમચંદ દેઢિયા | બાડા |
| સભ્ય | શ્રી સુરેશ દેવરાજ ગાલા | મકડા |
| સભ્ય | શ્રી શૈલેશ લક્ષ્મીચંદ મોતા | બિદડા |
| સભ્ય | શ્રી અરવિંદ જેઠાલાલ વિસરીયા | બાડા |
| સભ્ય | શ્રી અજીત હિમ્મતલાલ વીરા | નાગલપુર |
| સભ્ય | શ્રી પુનીત સુધીર છેડા | બિદડા |
| સભ્ય | કેબિસ સુરેન્દ્ર છેડા | બિદડા |
| સભ્ય | મહેક મીલન મોતા | બિદડા |
| સભ્ય | ડાર્વીન લક્ષ્મીચંદ મોતા | ભુજપુર |
| સભ્ય | પ્રકાશ ડી. ભેદા | બેરાજા |
| સભ્ય | મહેશ ડુંગરશી મોતા | બિદડા |

## વૈદ્યકીય સહાય સમિતિ

| | | |
|---|---|---|
| | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન | કોડાય |
| | ડૉ. મુકેશ લખમશી વોરા | પ્રાગપુર |
| | ડૉ. ફાલ્ગુન દેઢિયા | |
| | ડૉ. નવીન રાયશી ગડા | ભોજાય |
| | ડૉ. પ્રફુલ ગડા | રાયધણજાર |
| | ડૉ. ઉદય ખીચશી ગડા | મંજલ રેલડિયા |

## શૈક્ષણિક સહાય / લોન સમિતિ

| | | |
|---|---|---|
| કન્વીનર | શ્રી લક્ષ્મીચંદ કાકુભાઈ જૈન | ગુંદાલા |
| સભ્ય | શ્રી હેમચંદ ખીચંશી ગડા | મં. રેલડીયા |
| સભ્ય | શ્રી ઉમેશ ખીમજી ગાલા | કાંડાગરા |
| સભ્ય | શ્રીમતી સંગીતા રાજેશ ગાલા | સાડાઉ |
| સભ્ય | શ્રી ધીરજ શામજી વીરા | દેશલપુર |
| સભ્ય | શ્રી મુકેશ ધીરજલાલ દેઢિયા | નાની ખાખર |

## શૈક્ષણિક કાર્યક્રમ સમિતિ

| | | |
|---|---|---|
| કન્વીનર | શ્રીમતી સંગીતા રાજેશ ગાલા | સાડાઉ |
| સભ્ય | શ્રી શૈલેશ નાગજી મામણીયા | પુનડી |
| સભ્ય | શ્રી જયંત સુરજી મારૂ | બિદડા |
| સભ્ય | શ્રીમતી મધુ ચંદ્રકાંત લાલન | કોડાય |
| સભ્ય | શ્રી તેજસ ભવાનજી શાહ | ભુજપુર |

## સ્ત્રી ઉત્કર્ષ યોજના સમિતિ

| હોદ્દો | નામ | ગામ |
|---|---|---|
| કન્વીનર | શ્રીમતી તારા મણીલાલ સાવલા | બાડા |
| કો.કન્વીનર | શ્રીમતી રેખા નવીન ગડા | ભોજાય |
| સભ્ય | શ્રીમતી ચંદન ધીરજ બૌઆ | તુંબડી |
| સભ્ય | ડૉ. હસુમતી ધીરજ છેડા | બિદડા |
| સભ્ય | શ્રીમતી મધુરી જીતેન્દ્ર શાહ | નવાવાસ |
| સભ્ય | શ્રીમતી સુશીલા હરખચંદ ગાલા | વડાલા |

## રહેઠાણ યોજના સમિતિ

| | | |
|---|---|---|
| કન્વીનર | શ્રી ચીમન ભવાનજી સંઘોઈ | ગુંદાલા |
| સભ્ય | શ્રી જયંત સુરજી મારૂ | બિદડા |
| સભ્ય | શ્રી શૈલેષ નાગજી મામણીયા | પુનડી |
| સભ્ય | શ્રી હેમચંદ ખીચંશી ગડા | મં. રેલડીયા |
| સભ્ય | શ્રી ભવાનજી મણશી ગડા | ગુંદાલા |
| સભ્ય | શ્રી નાગજી જેઠાભાઈ ગોસર | વિઢ |
| સભ્ય | શ્રી ધીરેન ઉત્તમચંદ ગોસર | કોટડી-મહા. |

## રમતગમત સમિતિ

| | | |
|---|---|---|
| કન્વીનર | શ્રીમતી કલ્પના નવિન ગડા | રાયણ |
| કન્વીનર | શ્રી મેહુલ પ્રફુલ ગાલા | રાયણ |
| કન્વીનર | શ્રી મીહિર મુલરાજ વિસરીયા | કોડાય |
| કન્વીનર | શ્રી મનીષ શામજી સાવલા | બેરાજા |
| કન્વીનર | શ્રી નીતીન લખમશી શાહ | ડેપા |
| કન્વીનર | શ્રી સુનીલ શામજી દેઢિયા | ગઢશીશા |
| કન્વીનર | શ્રી કીર્તી કાનજી મામણીયા | મેરાઉ |
| કન્વીનર | શ્રી જેની ગાંગજી શાહ | નાગલપુર |
| કન્વીનર | શ્રી હેમચંદ ખીચંશી ગડા | મંજલ રેલડિયા |
| કન્વીનર | શ્રીમતી ભારતી જયંત હરીયા | હાલાપુર |

## ક્રિકેટ સમિતિ

| | | |
|---|---|---|
| કન્વીનર | શ્રી પ્રકાશ વાલજી વોરા | નવીનાર |
| સભ્ય | શ્રી રાજેશ હીરજી દેઢિયા | ભુજપુર |
| સભ્ય | શ્રી જયંતિલાલ લાલજી કોરાણી | કપાયા |
| સભ્ય | ડૉ. રાજેશ ટોકરશી સાવલા | નાનીતુંબડી |
| સભ્ય | શ્રી તુષાર ખુશાલચંદ ગાલા | નવાવાસ |
| સભ્ય | શ્રી મુકેશ હિરજી ગડા | ભોજાય |
| સભ્ય | શ્રી પ્રદીપ મણીલાલ શાહ | કોડાય |
| સભ્ય | શ્રી કેતન ટી. સાવલા | બેરાજા |
| સભ્ય | શ્રી સંજય ચાંપશી છેડા | પુનડી |
| સભ્ય | શ્રી ચંદુ ગાલા | સાડાઉ |

| હોદ્દો | નામ | ગામ |
|---|---|---|
| | **વ્યક્તિ વિકાસ સમિતિ** | |
| કન્વીનર | શ્રી પરાગ રામજી દેઢિયા | પત્રી |
| કો.કન્વીનર | શ્રી રાજેશ નાનજી છેડા | મોખા |
| સભ્ય | શ્રી નીમેશ દામજી દેઢિયા | ગઢશીશા |
| સભ્ય | શ્રી નીખીલ ધરોડ | પત્રી |
| સભ્ય | મનીષા હીતેન ગડા | ગુંદાલા |
| સભ્ય | મનીષા ચેતન શાહ | કાંડાગરા |
| સભ્ય | ઉર્વી દેઢિયા | પત્રી |
| સભ્ય | તનય ગાલા | પત્રી |
| | **વ્યક્તિ વિકાસ સમિતિ (આઉટડોર કેમ્પ)** | |
| કન્વીનર | શ્રી કિરણ રતનશી વિસરીયા | કોટડા-રોહા |
| સભ્ય | શ્રી નીલેશ શ્યામ શાહ | મેરાઉ |
| સભ્ય | શ્રી કીર્તિ કાનજી મામણીયા | મેરાઉ |
| સભ્ય | શ્રી ભાવેશ મુલચંદ ગાલા | મેરાઉ |
| સભ્ય | શ્રી સચીન ધીરજ ગાલા | મેરાઉ |
| સભ્ય | શ્રી સુરેશ દેવરાજ ગાલા | મકડા |
| સભ્ય | શ્રી તેજસ તનસુખ છેડા | ગોધરા |
| સભ્ય | શ્રી કલ્પેશ શાહ | વડાલા |
| | **સાંસ્કૃતિક સમિતિ** | |
| કન્વીનર | શ્રી નીલેશ શ્યામ શાહ | મેરાઉ |
| સભ્ય | શ્રી વિજ્ઞેશ શીવજી ભેદા | ભુજપુર |
| સભ્ય | શ્રી લક્ષ્મીચંદ વીશનજી ગોગરી | ટુંડા |
| સભ્ય | ડૉ. વિશન દેવરાજ નાગડા | ડુમરા |
| સભ્ય | શ્રીમતી ચંદ્રીકા કમલેશ નાગડા | મોથારા |
| સભ્ય | શ્રીમતી મધુ ચંદ્રકાંત લાલન | કોડાય |
| સભ્ય | શ્રી ખુશાલ મગનલાલ ગંગર | ટુંડા |
| | **સમુહ લગ્ન સમિતિ** | |
| કન્વીનર | શ્રી કાનજી શામજી ખીમસરીયા | ઉનડોઠ |
| સભ્ય | શ્રી તલકશીભાઈ ચનાભાઈ ગાલા | કોટડી-મહા. |
| સભ્ય | શ્રી ચંદ્રકાંત ઠાકરશી વોરા | નવાવાસ |
| સભ્ય | શ્રી નવીન મેઘજી સાવલા | બાડા |
| સભ્ય | શ્રી નાનજી શામજી ખીમસરીયા | ઉનડોઠ મોટી |
| સભ્ય | શ્રી અનીલ વીરજી દેઢિયા | ગઢશીશા |

| હોદ્દો | નામ | ગામ |
|---|---|---|
| સભ્ય | શ્રી દેવરાજ ભવાનજી વોરા | નરેડી |
| સભ્ય | શ્રી રૂપેન મણીલાલ સંઘોઈ | ગોધરા |
| સભ્ય | શ્રી ભવાનજી હરશી સાવલા | બિદડા |
| સભ્ય | શ્રીમતી લતા ગીરીશ દેઢિયા | નાની ખાખર |
| સભ્ય | કુ. પ્રીતિ કોરશી દેઢિયા | ભુજપુર |
| સભ્ય | શ્રી નવીન રાઘવજી વીરા | દેવપુર |
| | **સંજીવની સ્વાસ્થ્ય યોજના સમિતિ** | |
| કન્વીનર | શ્રી અશ્વિન પોપટલાલ માલદે | ભુજપુર |
| | **પ્રીમેરેજ કાઉન્સેલીંગ સમિતિ** | |
| કન્વીનર | શ્રી અશ્વિ માવજી ગાલા | લાખાપુર |
| સભ્ય | ડૉ. હસુમતી ધીરજ છેડા | બિદડા |
| સભ્ય | પરાગ રામજી દેઢિયા | પત્રી |
| સભ્ય | કિરણ રતનશી વિસરીયા | કોટડા-રોહા |
| સભ્ય | રતીલાલ હીરજી દેઢિયા | કોટડી-મહા. |
| | **ઈન્ફોરમેશન ટેક્નોલોજી (IT) સમિતિ** | |
| કન્વીનર | શ્રી ધીરજ શામજી ધરોડ | પત્રી |
| કન્વીનર | શ્રી જીતેન નેમચંદ દેઢિયા | બાડા |
| સભ્ય | શ્રી સૌરભ હિંમત નંદુ | કપાયા |
| સભ્ય | શ્રી બીમલ લાલજી વોરા | નવીનાર |
| સભ્ય | શ્રી તેજસ ભવાનજી શાહ | ભુજપુર |
| સભ્ય | શ્રી હેમલ પાસડ | કોટડા રોહા |
| સભ્ય | શ્રી શૈલેશ મોતા | બિદડા |
| | **પગદંડી તંત્રીઓ** | |
| | શ્રી અશ્વિન પોપટલાલ માલદે | ભુજપુર |
| | શ્રી શાંતીલાલ કુંવરજી રાંભીયા | સમાઘોઘા |
| | શ્રી ચંદ્રકાંત શીવજી નંદુ | બાડા |
| | **જીવન દિશા** | |
| કન્વીનર | મેઘના શાહ | સાડાઉ |
| | હીરલ છેડા | |
| | પાર્મી દેઢિયા | |
| | મનોજ ગંગર | |
| | નયન નીસર | |